# એસ. વી. અને એસ. જી. અંગ્રેજી શાળાના વિદ્યાર્થીઓએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી



એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ધોરણ-૩ના ૩૨૬ વિદ્યાર્થીઓએ સેક્ટર-૨૧ના પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓ પોલીસ સ્ટેશનની કામગીરીથી વાકેફ થાય અને તે હેતુથી આ મુલાકાતનું આયોજન થયું હતું. બાળકોને પોલીસ અધિકારી દ્વારા પોલીસ સ્ટેશનની કામગીરીથી અવગત કર્યા હતા. વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો પણ આ મુલાકાતમાં હાજર રહ્યા હતા.

# બીસીએ કોલેજમાં એન્ટ્રપ્રેન્યરશીપ અવેરનેસ વર્કશોપ





ગાંધીનગર, તા. ૨૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડિઝ, ગાંધીનગર દ્વારા Entrepreneurship Awarenessનો એકદિવસીય વર્કશોપ યોજાયો. આ વર્કશોપ વિષે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો. એસ એમ શાહે જણાવ્યુ હતું કે જે વિદ્યાર્થીઓએ ભવિષ્યમાં સર્વાંગી વિકાસ કરી શકે તે માટે પ્રતિ વર્ષ કોલેજ દ્વારા વિવિધ વિષયો અંતર્ગત સેમિનાર અને વર્કશોપનું આયોજન કરવામાં આવે છે તે અંતર્ગત આ યુનિવર્સિટીના ડબલ્યુઈસી સેલ દ્વારા આ વર્ષે સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓ માટે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્કશોપમાં સ્પીકર તરીકે ડબલ્યુઈસીના ચીફ કોઓર્ડિનેટર કૃતિ પટેલ દ્વારા Entrepreneur કે Intrapreneur સ્કિલ ડેવલોપ કરવા માઈન્ડ સેટ તૈયાર કરવો પડે તે બાબત પર ભાર મૂક્યો હતો. વર્કશોપના પ્રથમ સત્રમાં તેમણે Entrepreneur સ્કીલ ડેવલોપ કરીને સફળતા હાંસલ કરી હોય તેવા સફળ વ્યક્તિઓના ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પડ્યું હતું. દ્વિતીય સત્રમાં તેઓએ સફળ ઉદ્યોગ સાહસિકોના જીવનની સામાન્ય જીવન પર પડતી પ્રભાવક અસરોની અસરકારક પ્રસ્તુતિ કરી હતી. આ એક દિવસીય વર્કશૉપમાં સેમેસ્ટર-૧ના કુલ ૨૬૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર વર્કશોપને સફળ બનાવવા માટે ડબલ્યુઈસી કોલેજ કો-ઓર્ડિનેટર પ્રો. જૈમિની કુલકર્ણી, પ્રો. બીજલ પરમાર અને ડો. રિચા મહેતાએ ભારે જહેમત ઉઠાવી હતી.

## જન્મદિને વધામણી



ગિરીશ ઠક્કર
મો. ૯૮૯૮૫ ૯૫૫૦૭



નીતિન રાવત
મો. ૯૯૦૪૩ ૪૪૫૦૬



દર્શના એન રાંક
ગાંધી. જિલ્લા પૂરવઠા અધિકારી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# મહર્ષિ અત્રિ તપોવન વિદ્યાલયનો દમદાર વાર્ષિકોત્સવ







ગાંધીનગર, તા. ૨૧

પીપળજ મુકામે સ્થિત મહર્ષિ અત્રિ તપોવન વિદ્યાલયનો ૧૭મો વાર્ષિકોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમ તાજેતરમાં ગાંધીનગર ખાતે સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાલયના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રપ્રેમથી તરબોળ એવાં ગીતો પર સમૂહ નૃત્યોની આકર્ષક પ્રસ્તુતિ કરી હતી. શિવાજી મહારાજ, મહિષાસૂરને પડકાર જેવી પ્રેરણાદાયી નાટિકાઓની રજૂઆત પણ વિદ્યાર્થીઓએ પ્રભાવી રીતે કરી હતી. સમગ્ર કાર્યક્રમની વિશેષતા એ હતી કે નાટક, ગીતો તથા અન્ય પ્રસ્તુતિકરણ માટે ઉપયોગમાં લેવામાં આવેલી તમામ સાધન-સામગ્રી કાર્ડબૉર્ડ, થર્મોકૉલ, લાકડી, વાંસનો ઉપયોગ કરીને આકર્ષક રીતે તૈયાર કરવામાં આવી હતી. વાર્ષિકોત્સવનો પ્રારંભ કરાવતાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ઉપકુલપતિ હર્ષદભાઈ શાહે જણાવ્યું હતું કે વિદ્યાર્થીના અભ્યાસની સાથે સાથે સાંસ્કૃતિક બાબતોના સંસ્કારોનું સિંચન કરવા માટે આ પ્રકારના કાર્યક્રમો આવશ્યક છે. ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીમાં પડેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા માટે શાળા એક મહત્ત્વપૂર્ણ સ્થાન છે. વિદ્યાલયના ટ્રસ્ટી ભરતભાઈ ઠુમરે વિદ્યાલયની વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે તેજસ્વી તારલાઓને એવોર્ડ આપી સન્માનવામાં આવ્યા હતા. ડૉ. ચેતનાબેન જાની, રશ્મિકાન્ત આર પટેલ, જયંતિભાઈ ઠુમર, એન એમ રાઠોડ, શિક્ષકગમ, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.




નેશનલ કક્ષાની સેપકટકરો રમત સ્પર્ધા આંધ્રપ્રદેશના કડપા જિલ્લામાં તાજેતરમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં શ્રી જે. એમ. ચૌધરી વિદ્યાલય, સૅક્ટર-૭, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ સિલેક્ટ થઈ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી પ્રેક્ષકોનાં દિલ પણ જીત્યાં હતાં.

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજીના સિવિલ ડિપાર્ટમેન્ટની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ યોજાઈ



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર-માણસા રોડ પર આવેલ બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીના સિવિલ ડિપાર્ટમેંટ દ્વારા સંત સરોવર, ઈન્દ્રોડા, ગાંધીનગર મુકામે એક દિવસીય ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ યોજાઈ હતી.

આ મુલાકાતમાં સિવિલ ડિપાર્ટમેન્ટમાંથી આશરે ૩૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૨ ફેકલ્ટી મેમ્બરે ભાગ લીધો હતો. આ મુલાકાતમાં વિદ્યાર્થીઓએ વોટર પ્યોરિફિકેશન, રિવર ઈનટેક અને સંત સરોવર બેરેજની વિગતે માહિતી મેળવી હતી. સમગ્ર મુલાકાત સિવિલ ઍન્જિનીયરિંગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે અત્યંત મહત્વની અને અગત્યની સાબિત થઈ હતી કારક કે વિદ્યાર્થીઓએ તેઓના અભ્યાસક્રમમાં આવતા જ્ઞાનનો આ રૂબરૂ મુલાકાતમા હૂબહું અનુભવ કર્યો હતો.

સમગ્ર મુલાકાતનું આયોજન સિવિલ ડિપાર્ટમેન્ટના સ્ટાફ મિત્રોએ સાથે મળીને કર્યું હતું.

## રાજ્ય યુવા મહોત્સવ અંતર્ગત

# લોકવાદ્ય સ્પર્ધામાં અશોક બઢિયાએ પ્રથમ ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત રાજ્ય યુવા મહોત્સવ-૨૦૧૯ અંતર્ગત રાજ્ય કક્ષાની સ્પર્ધા અમરેલી ખાતે યોજવામાં આવી હતી.

આ મહોત્સવ અંતર્ગત લોકવાદ્ય સ્પાર્ધામાં અશોક છગનભાઈ બાઢિયાએ પ્રથમ ક્રમનું વિજેતા પદ પ્રાપ્ત કરી શ્રી જે એસ પટેલ વિદ્યામંદિર, રાંધેજાનું ગૌરવ વધાર્યું હતું.

અશોકનો અનિલભાઈ નાયકનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. આચાર્ય, મંડળ અનો શાળા પરિવાર તરફથી અશોક તથા માર્ગદર્શકનો બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ગાંધીનગરના સૅક્ટર-૧૩ ખાતે

# શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ દ્વારા શાકોત્સવ




શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી મહારાજની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ, ગાંધીનગર દ્વારા ૧૩મો શાકોત્સવ સદ્‌ગુરુ મહંત શ્રી ભગવતપ્રિયદાસજી અને શ્રી પરમાનંદદાસજીની ઉપસ્થિતિમાં સૅક્ટર-૧૩ ખાતે ઉજવાયો હતો. આ પ્રસંગે પ્રાર્થના, ધૂન, કીર્તન, ભજનનો ઉપક્રમ પણ આયોજિત કરવામાં આવ્યો હતો.

## માણસને આત્મવિશ્લેષણ તરફ દોરી જતી વિશ્વ રંગભૂમિનાં

# નાટકોની વૈચારિક ચળવળને પ્રસ્તુત કરતો લેખ સંચય



પુસ્તક પરિચય

નટવર હેડાઉ
vanvihari@gmail.com

મોટાભાગના જાણકારોના કહેવા પ્રમાણે રંગભૂમિ ભાગ્યે જ દુનિયાને બદલી શકે. પરંતુ વર્તમાન પરિસ્થિતિ વિશે આપણે જે કંઈ વિચારીએ છીએ તેના પર તે અસરો ચોક્કસ પાડી શકે અને એ કરવાની દિશામાં તેઓ વિવિધ સંપર્ક માધ્યમોને પણ ઉપયોગમાં લઈ શકે. એકલી રંગભૂમિથી સમાજ પરિવર્તન આવી શકે નહીં કેમ કે ભારતમાં શહેર અને ગામડાંની સંસ્કૃતિનો વિરોધાભાસ જમીન પરની નક્કર સામાજિક-આર્થિક વાસ્તવિકતાને બદલ્યા વગર દૂર કરી શકાય તેમ નથી. પરંતુ પરિવર્તનમાં ફાળો આપનારાં બીજાં અનેક સામાજિક પરિબળો અને સમૂહ માધ્યમો સાથે સાથે રંગભૂમિ પણ પોતાના તરફથી મહત્ત્વનો ફાળો ચોક્કસ આપી જ શકે. તે વિચાર સાથે દુનિયાભરની ચળવળોમાં નાટકના મહત્ત્વને પ્રસ્થાપિત કરતી વિચારધારાને લઈ આવતા પુસ્તકની આ વાત છે.


'ચળવળ નામે નાટક'ના લેખક ભરત દવે દ્વારા તૈયાર કરવામાં આવેલ વિશ્વના વિવિધ દેશોની રંગભૂમિ અને તેના વાહકો દ્વારા સામાજિક-રાજકીય અને સાંસ્કૃતિક ચળવળમાં રંગભૂમિના પ્રદાનને પ્રસ્તુત કરે છે. કુલ ૧૭ પ્રકરણો અને ૩૦૩ પાનાંમાં નાટક અને જનજાગૃતિથી લઈને સાહિત્ય નાટક અને સામાજિક આલોચના, વિચારોત્તેજક નાટકના આદિ સ્વરૂપો, ભારતમાં લોકનાટ્યની પરંપરા, સામાજિક ન્યાય અને નાગરિક અધિકારોમાં રંગભૂમિનો ફાળો, રાજકીય રંગભૂમિનો વિકાસ ઉપરાંત વિદેશી રંગભૂમિમાં ઈરવિન પિસ્કાટરની ઉપયોગવાદીતા, રાજકીય વ્યંગવિનોદની રંગભૂમિ વિશે ડારિઓ ફો.ના વિચારો, ઑગષ્ટો બૉલની પીડિતો અને શોષિતોની રંગભૂમિ, એન્તોનિન આર્તુનું ક્રુરનામી રંગભૂમિ અંગેનું વિશ્લેષણ તેમજ જર્ઝી ગ્રોટોસ્કા દ્વારા 'ગરીબ' રંગભૂમિનું ચિત્રણ, લૂઈ વાલ્કેસનો ખેત કામદારોનો રંગમંચ વિગેરેની સાથોસાથ ભારતીય રંગભૂમિના પ્રવાહો, ભારતીય શેરી નાટક, સમાજ અને રંગભૂમિના સંબંધો પણ ખૂબ વિશ્લેષણાત્મક લેખો, દુર્લભ તસવીરો અને ગ્રંથસૂચિ સાથે આ એક દસ્તાવેજી કહી શકાય તેવું પુસ્તક આપણને મળે છે.

યુકેમાં સ્કોટિશ પોપ્યુલર થિયેટર કંપનીનો સ્થાપક જ્હોન મેકગ્રાથ માનતો હતો કે 'માત્ર નાટકોથી સામાજિક પરિવર્તન ન આવી શકે. પરંતુ તેનાથી શાસકો પર અમુક અંશે દબાણ ચોક્કસ લાવી શકાય. પ્રજાકીય પ્રશ્નોને તેમના ધ્યાન પર લાવી શકાય. લોકોને તેમની સામુહિક શક્તિનો પરિચય કરાવી શકાય. આવી રંગભૂમિથી પ્રજાના આત્મવિશ્વાસમાં વધારો થાય. સત્તાના યોગ્ય સ્થાને તેમનો અવાજ પહોંચાડ્યાનો, જુદા જુદા વર્ગોના સંગઠિત થયાનો, સૌને સાથે મળીને નિર્ધાર કર્યાનો ઉત્સાહપ્રેરક સંતોષ આપી શકાય.

ઘણીવાર નાટકોમાં પ્રસ્તુત થતી અન્યાયકારી, અમાનવીય પરિસ્થિતિ લોકોમાં ભારે રોષ, આવેગ, ઉત્તેજના અને વિરોધ જન્માવે છે. કારણ કે નાટક જોયા બાદ તેમને દૃઢ પ્રતીતિ થાય છે કે જે ચાલી રહ્યું છે તે સરાસર ખોટું અને અસ્વીકાર્ય છે અને તેમાં કોઈપણ ભોગે ફેરફાર થવો જોઈએ. તેઓ એ પણ જાણે છે કે દુનિયાભરમાં રંગભૂમિ કેટલી હદે વાસ્તવિક અને સક્રિય બની રહી છે. કુશળ લેખક, દિગ્દર્શક અને નટો દ્વારા આલેખાતી નાટકની કાલ્પનિક સૃષ્ટિ પ્રેક્ષકોને ઘડીભર પણ બેધ્યાન થવા દેતી નથી. અને તેમને રંગમંચ સાથે જકડી રાખે છે.

વાસ્તવમાં નાટકની અસર એટલી બધી પ્રબળ હોય છે કે જેને જોયા પછી એક કિસ્સામાં તાત્કાલિક છૂટાછેડા લેવા માગતી એક મહિલા દર્શકે કાઉન્સેલિંગ લઈને પોતાના લગ્નજીવનને બચાવી લેવામાં સફળતા મેળવી હતી. બીજા એક કિસ્સામાં નાટક જોયા બાદ પ્રેક્ષકો એટલી હદે સ્તબ્ધ બની ગયેલા કે પોતાના તરછોડાયેલા વૃધ્ધ માબાપને પોતાની સાથે રાખવા પતિ-પત્ની સીધાં વૃધ્ધાશ્રમ પહોંચી ગયેલાં. એક કિસ્સામાં નાટક જોયા બાદ એક પુરુષ પોતાની પ્રેમિકાના આગલાં લગ્નથી થયેલ નાનકડી દીકરીને પોતાની દીકરી માનીને પ્રેમથી અપનાવી લેવા તૈયાર થઈ ગયેલો. કેમ કે નાટકમાં દર્શાવાયેલ તર્કબદ્ધ પ્રસંગો અને તેની માનવીય દૃષ્ટિકોણથી કરાયેલ માવજત પ્રેક્ષકોને ઊંડી રીતે સ્પર્શી જાય છે.

નાટક અને નાટ્યકારના આગમન સાથે થિયેટરમાં પહેલી વાર વિચારનું તત્ત્વ દાખલ થયુ જેણે પહેલી વાર માણસને આસપાસના જગત વિશે સ્વતંત્ર રીતે વિચારતો કર્યો. પહેલાં આવું ક્યારેય નહોતું બન્યું. આ આંતરબાહ્ય બંને પ્રકારની ચળવળ દર્શાવતાં નાટકોની તેમજ નાટ્યકારોની વાત આ પુસ્તકમાં કરવામાં આવી છે, જે આજના બદલાઈ રહેલા - ખરેખર તો વણસી રહેલા વાતાવરણમાં સૌકોઈને ખૂબ પ્રાસંગિક જણાશે. કેમ કે 'કુમાર'માં અગાઉ પ્રગટ થયેલ લેખમાળાના આ લેખોમાં કલા અને સમાજ ક્ષેત્રે રહેલી મૂળભૂત સામાજિક નિસ્બત સમજી શકાય છે. આ પુસ્તકને સૌકોઈ કલારસિક વાચકો આવકારશે તેવી શ્રદ્ધા સાથે પુસ્તકને આવકારું છું.




ચળવળ નામે નાટક (લેખોનો સંગ્રહ).
લેખક : ભરત દવે
પ્રકાશક : ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, કિંમત : રૂા. ૪૫૦/-